| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૨૭/૦૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૭/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૧ | ૦૫ | ૦૩ |

सत्यमेव जयते

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**સીવીલ પરચુરણ અરજી નં. ૬૨/૨૦૨૫**

**આંક : – ૯**

**અરજદાર :–** **(૧)ઐયુબ મોહંમદ ઉમરા.**
**(૨)અબ્દુલ વલી મોહંમદ.**
બંને રહે. ચાંચવેલ તા.વાગરા જી. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ઈસ્માઈલ મોહંમદ ચોકવાલા**
રહે. મલબારી દરવાજા જી.ભરૂચ

**વિષય :– લીમીટેશન એકટની કલમ–૦૫ મુજબ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા અંગે.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એસ.આર.રાજપુત
સામાવાળા તરફે વિ.વ.શ્રી પી.એ.સીંધા

---

**–:: ચુકાદો ::–**

(૧) અરજદાર તરફથી હાલની પરચુરણ અરજી રજુ કરેલ છે અને સીવીલ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા અરજ ગુજારેલ છે. હાલના કામે અરજદારો દાવાના કામે મુળ પ્રતિવાદીઓ છે. જયારે સામાવાળા દાવાના કામે મુળ વાદી છે. અરજદારની હાલની અરજીની ટુકમાં હકિકત એવી છે કે, આ કામના સામાવાળા/મુળવાદી એ હાલના અરજદારો/મુળ પ્રતિવાદી સામે

વાગરાના એડી.સીવીલ કોર્ટ સમક્ષ દાવો દાખલ કરેલો. જે રે.દી.મુ.નં. ૧૦૧/૨૦૧૫ કામે હાલના અરજદારો/મુળ પ્રતિવાદીઓને સમસની બજવણી થતાં કોઈ પુરાવો રજુ ન કરતા ટ્રાયલ કોર્ટે અરજદારો/મુળ પ્રતિવાદીઓના પુરાવા વિના સામાવાળા/મુળ વાદીનો દાવો મંજુર કરવાનો તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ હુકમ કરેલો. જેની સામે અપીલ દાખલ કરવા માટે એક માસનો સમય હતો પરંતુ સદર અપીલ આશરે ૩ વર્ષ ૭ માસ અને ૬ દિવસનો સમય વ્યતીત થયેલ છે જે દર ગુજર કરવા હાલની અરજી કરેલ છે.

**(૧.૧)** અરજદારો/મુળપ્રતિવાદીઓના વિ.વ.શ્રીની રજુઆત છે કે, સામાવાળા/વાદીએ દાવો દાખલ કરેલ અને નોટીસ અરજદારોને બજતા કોર્ટમાં હાજર થયેલ પરંતુ કાંચ કરવાનું નથી દાવો પરત ખેચવાનો છે તેવું સામાવાળા/વાદીએ જણાવતા ટ્રાયલ કોર્ટમાં વકીલ અરજદારોએ રોકેલા નહી. અરજદારોને સદરહું ખેતીની જમીન અંગે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫ મુજબની નોટીશની બજવણી થતા તેઓને સદરહું હુકમની જાણ થયેલી. આ કામના અરજદારને દાવા સંબધી નકલો કઢાવતા માલુમ પડેલ કે હાલના સામાવાળા/વાદીએ તેઓને અંધારામાં રાખી સાચી હકિકત છુપાવી હુકમ મેળવેલ છે. સદર અરજદાર ઉમરલાયક ઈસમ છે અને ઘણીબધી બીમારીથી પીડાઈ છે અને ખેતી કરી તેઓનું જીવન ગુજારતા આવેલ છે. સદર અપીલ દાખલ કરવા પાછળ જે સમય વ્યય થયેલ છે જે સને ૨૦૧૯ થી ૨૦૨૧ દરમ્યાન કોરોનાની મહામારી ચાલી આવતી હતી, અરજદાર ઉમર લાયક વ્યકિત હોવાના કારણે કોર્ટની પ્રક્રિયાથી માહીતગાર થયેલા નહી. આમ, અપીલ રજુ કરવામાં થયેલ ૩ વર્ષ ૭ માસ અને ૬ દિવસ ( કુલ દિન ૧૩૧૧) નો વિલંબ માફ કરવા હાલની અરજી કરેલ છે.

(૨) સામાવાળા તરફથી વિ.વ.શ્રી પી.એ.સીંધાનાઓ હાજર થયેલ છે તેમણે આંક–૦૬ થી ડીલે અરજીનો જવાબ અને દલીલ રજુ કરેલ છે જેની ટુકમાં હકિકત એવી છે કે, રે.દી.મુ.નં.૧૦૧/૨૦૧૫ ના કામે નામ. કોર્ટે તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ દાવો મંજુર કરતો હુકમ કરેલો. ત્યારબાદ સદર દાવાના કામે સામાવાળાએ વાગરા કોર્ટમાં રે.દ.નં. ૩/૨૦૨૨ દાખલ કરેલી હતી. જેનો સમન્સ/નોટીશ પણ હાલના અરજદારોને બજેલ હતા, પરંતુ તે દરખાસ્તના કામે પણ કોઇ અરજદારો હાજર થયેલ નહી. જેથી નામ. કોર્ટે દરખાસ્તમાં હુકમ કરી સદર દાવાવાળી જમીનના દસ્તાવેજ સામાવાળા/વાદીઓના નામે કોર્ટ કમિશ્નર ધ્વારા કરી આપેલ. આમ, સદર દાવાવાળી જમીન પણ સામાવાળા/વાદીના નામે થઇ ગયેલ છે. દાવાવાળી જમીનનો કબજો પણ સામાવાળા/વાદીએ મેળવી લીધેલ છે. આમ, હવે સદર અપીલનો કોઇ અર્થ રહેતો નથી. આમ, અરજદારે ઉપરોકત હકિકતો જાણતા હોવા છતાં હાલની ખોટી અરજી દાખલ કરેલ છે. સામાવાળા તરફે પોતાના જવાબના સમર્થનમાં આંક–૦૮ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૨.૧) સામાવાળા/વાદીના વિ.વ.શ્રીએ વધુમાં મૌખીક રજુઆત કરેલ છે કે, અરજદારોને મુળ દાવાના કામે સમન્સ/નોટીસ બજી ગયેલ છે છતાં તેઓ નામ. કોર્ટમાં રેગ્યુલર હાજર થયેલ નથી. જેથી નામ. કોર્ટે સામાવાળા/વાદીના પુરાવાના આધારે દાવો મંજુર કરતો હુકમ કરેલ. ત્યારબાદ દરખાસ્ત દાખલ કરવામાં આવેલી તેમાં પણ અરજદારોને બજવણી થવા છતાં તેઓ હાજર નહી રહેતાં નામ. કોર્ટે કોર્ટ કમિશ્નર નીમી દસ્તાવેજ કરાવી આપેલા છે. અરજદારોએ સૌ પ્રથમ રેવન્યુ અધિકારી સમક્ષ વાંધો રજુ કરેલા જે ના મંજુર કરવામાં આવેલ. અરજદારોએ જે ડીલેના કારણો જણાવેલ છે તે ડીલે માટે સંતોષકારક ખુલાસો કોર્ટમાં રજુ કરેલો નથી. જેથી સદર અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) પક્ષકારોના વિ.વ.શ્રીની ઉપરોકત રજુઆતો તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધું. હાલના કામે અરજદારો જે મુળ દાવાના કામે મુળ પ્રતિવાદીઓ હતા તેઓને દાવાના કામે સમન્સ બજી ગયેલો છે. તે અંગે કોઇ તકરાર નથી. ડીલે અરજીમાં તેઓ પોતાને નોટીશ બજતા નામ. કોર્ટમાં હાજર થયેલા પરંતુ મુળ વાદીએ કોઇ કાર્યવાહી કરવાની નથી. પોતે દાવો પાછો ખેચી લેવાના છે તેવું જણાવતા નામ. કોર્ટમાં હાજર રહેલા નહી તેવું જણાવે છે. પરંતુ તે માત્ર મૌખીક કથનો છે. તે સીવાઇ અન્ય કોઇ પુરાવા નથી. ત્યારબાદ ડીલે અરજીમાં જે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫ થી નોટીશની બજવણી થતા પોતાને હુકમની જાણ થયેલ તેવું જણાવેલ છે. પરંતુ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫ નોટીશ અરજદારોને કયારે બજી તેની કોઇ તારીખ કે સમય તેઓએ પોતાની ડીલે અરજીમાં જણાવેલ નથી. કે તેની નોટીશ બજવણીની નકલ રજુ કરેલ નથી. આમ, ખરેખર અરજદારોને સદર હુકમની જાણ કયારે થઇ તેવો કોઇ દસ્તાવેજી પુરાવો તેઓએ સદર કામે રજુ કરેલ નથી કે પોતાની અરજીમાં દર્શાવેલ નથી. આમ, અરજદારે ખરેખર પોતાને હુકમની જાણ કયારે થઇ તેવું પોતાની ડીલે અરજીમાં કયાંય દર્શાવેલ નથી. અરજદારો તરફે વધુમાં સને ૨૦૧૯-૨૦૨૧ દરમ્યાન ભારત ભરમાં કોરોનાની મહામારી ચાલતી હોય અને ઉમર લાયક વ્યકિત હોય નાતંદુરસ્ત હોવાના કારણે અપીલ દાખલ કરી શકેલ નહી તેવું જણાવેલ છે. પરંતુ અરજદાર તરફે રજુ થયેલ રે.દી.મુ.નં.૧૦૧/૨૦૧૫ નો હુકમ વંચાણે લેતાં સદર હુકમ તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ એડી.સીવીલ જજ વાગરા કોર્ટ ધ્વારા કરવામાં આવેલો છે. આમ, સદર હુકમ ૨૦૨૧ ના છઠઠા મહિનામાં કરવામાં આવેલો અને તે સમયે કોરોના કાળ ચાલતો ના હોય, અરજદારના વિ.વ.શ્રીની કોરોનાના કારણે સદર અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર રહેતી નથી. અરજદાર વૃધ્ધ ઉમરના હોય બીમાર અને નાતંદુરસ્તના કારણે નામ. કોર્ટમાં અપીલ દાખલ કરી શકેલ નહી તેવું જણાવેલ છે પરંતુ ૩ વર્ષ જેટલાં લાંબા સમય

સુધી બન્ને અરજદારોને કોઇ બીમારી ચાલતી હોય અને પથારીમાં હોય તેવું પણ કોઇ મેડીકલ રીપોર્ટ અરજદારો તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, અરજદારો તરફે વિલંબ માટેના જે કારણો દર્શાવેલા છે તે સંતોષકારક જણાય આવતા નથી.

(૩.૧) સામાવાળા તરફે નિ.૮/૧ થી રે.દી.મુ.નં.૧૦૧/૨૦૧૫ ના જજમેન્ટની નકલ, નિ.૮/૨ થી રે.દરખાસ્ત નં.૩/૨૦૨૨, નિ.૮/૩ થી દરખાસ્તમાં નામ. કોર્ટે કરેલ આખરી હુકમ, નિ.૮/૪ થી ગામ નમુના નં.૭ ની નકલ, નિ.૮/૫ થી દસ્તાવેજની નકલ રજુ થયેલ છે. આમ, સામાવાળા તરફે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, સદર દાવાના કામે દાવાની સમન્સ/નોટીશ, દરખાસ્તની સમન્સ /નોટીસ સામાવાળાને બજી ગયેલ છે છતાં તેઓ હાજર રહેલા નથી. જેથી નામ. કોર્ટ ધ્વારા સામાવાળા/મુળવાદીની તરફેણમાં હુકમનામું કરવામાં આવેલ છે અને દરખાસ્તના કામે કોર્ટ કમિશ્નર ની નીમણુંક કરી દસ્તાવેજ સબ રજીસ્ટ્રારમાં નોંધવામાં આવેલ છે. કબજો પણ સામાવાળા/મુળવાદીને સોંપવામાં આવેલ છે. આમ, અરજદારોને દાવાના સમન્શ/નોટીસની બજવણી થયેલ છે. પરંતુ નામ. કોર્ટમાં હાજર નહી રહેતા તેમની વિરૂધ્ધ એકતરફી હુકમનામું થયેલ છે. સદરહું હુકમનામા અંગે દરખાસ્ત દાખલ થતાં તેની નોટીસ પણ અરજદારોને બજેલ છે. બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫ થી નોટીશની બજવણી પણ અરજદારોને થયેલ છે. આ દરખાસ્તના કામે કોર્ટ કમિશનર ધ્વારા સામાવાળાની તરફેણમાં દસ્તાવેજ રજીસ્ટ્રર સબ રજીસ્ટ્રારની કચેરીમાં કરાવી કબજો સામાવાળાઓએ મેળવી લીધેલ છે. આમ, અરજદારોને સદરહું હુકમની પ્રથમથી જ જાણ હતી તેમ છતાં તેમણે સદર કામે કોઇ અપીલ નિયત સમય મર્યાદામાં દાખલ કરેલી નથી. તેવાં સંજોગોમાં અરજદારોના કસુરના કારણે વિલંબ થયેલાનું સ્પષ્ટ જણાય આવે છે.

(૪) હાલના તબકકે નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે.

(1) The **Hon'ble High Court of Rajasthan, Jodhpur Bench** in **S.B. Civil Misc. Appeal No.87/2022** in case of **Chandi Das And Ors. Vs. Starnet Real Estate And Projects Ltd. And Ors.** has passed the **order dated 06/03/2024** has held that at para-8 as under.

8. It is a settled principle of law that generally justice should not be denied merely on technical grounds but if the filing of appeal suffers from inordinate delay, such delay ought not to be condoned unless the applicant is able to satisfy the court that he was prevented by 'sufficient cause' from prosecuting the case. Since no sufficient reasons have been put forth by the learned counsel for the appellants to explain the delay in applying for the certified copy of judgment after approximately 2 years of judgment and thereafter in filing the present appeal which is barred by 822 days, it appears that the appellant was negligent in pursuing his case. Thus, in the absence of any reasonable, satisfactory or even an appropriate explanation, the present application for condonation of delay deserves to be dismissed."

(2) The **Hon'ble Suprem Court In Case of Brijeskumar Vs. State of Haryana, 2014(11) SCC 351** has held that at para-10 as under.

" While considering a similar issue, this court in Esha Bhattacharjee Vs. Raghunathpur Nafar Academy and ors. (2013) 12 SCC 649 laid down various principles inter alia:

"XXX

v) Lack of bona fides imputable to a party seeking condonation of delay is a significant and relevant fact.

vi) The concept of liberal approach has to encapsule the conception of reasonableness and it cannot be allowed a totally unfettered free play.

x x x

ix) The conduct, behaviour and attitude of a party relating to its inaction or negligence are relevant factors to be taken into consideration. It is so as the fundamental principle is that the courts are required to weigh the scale of balance of justice in respect of both parties and the said principle cannot be given a total go by in the name of liberal approach.

x x x

xvii) The increasing tendency to perceive delay as a non – serious matter and, hence, lackadaisical propensity can be exhibited in a nonchalant manner requires to be curbed, of course, within legal parameters.”

(૫) આમ, અરજદારે જણાવેલ અરજીનું ઉપરોકત કારણ ધ્યાને લેતાં તે વાજબી અને ન્યાયોચીત જણાય આવતા નથી. તેમજ નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતાં અરજદારની હાલની અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાતું ના હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદારની હાલની સીવીલ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૨૯ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વિરેન્દ્ર ભીખુભાઇ રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

એમ.પી.ભરૂચા